સુરત શહેર બીજી વખત ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ઓફ મેયર્સની બેઠકનું યજમાન બન્યું

દેશભરના 40 મેયરની હાજરીમાં બેઠક શરૂ

બેઠકનો પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સુરતના ભરપૂર વખાણ કર્યા

આજે બેઠકનું સમાપન કરાશે, નાણામંત્રી કનુ દેસાઈ પણ બેઠકમાં હાજર રહ્યા

સુરતઃ સુરત શહેર વધુ એક મહત્ત્વપૂર્ણ રાષ્ટ્રીય સ્તરની બેઠકનું યજમાન બન્યું છે. ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ઓફ મેયર્સની 116મી કારોબારી સમિતિની બેઠકનો શુભારંભ શનિવારથી થયો હતો. જે રવિવારે પણ ચાલશે. આ સમિતિમાં વિવિધ રાજ્યોના 40થી વધુ મેયરો હાજર રહ્યા છે. બેઠકનું અધ્યક્ષસ્થાન સુરતના મેયર દક્ષેશ માવાણીએ સાંભળ્યું છે. રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને નાણામંત્રી કનુભાઈ દેસાઈ પણ જોડાયા હતા. અડાજણ વિસ્તારમાં યોજાયેલી આ બેઠકમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે સુરતના પણ ભરપૂર વખાણ કરી દેશના વિકાસ માટે શહેરોનો વિકાસ અતિ મહત્ત્વપૂર્ણ ગણાવ્યો હતો.

(તસવીર : હેમંત ડેરે)

સુરત દરેક પડકારને અવસરના રૂપમાં જુએ છે: દક્ષેશ માવાણી

સુરત શહેરના મેયર અને અખિલ ભારતીય મેયર પરિષદના મહામંત્રી દક્ષેશ માવાણીએ જણાવ્યું હતું કે, મેયર કાઉન્સિલ બેઠકમાં ૧૪ રાજ્યમાંથી ૩૭ મેયર હાજર રહ્યા છે. જે સુરત શહેર માટે ઐતિહાસિક છે. અગાઉ વર્ષ 2019 ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી હતા ત્યારે તેમની હાજરીમાં ઓલ ઇન્ડિયા કાઉન્સિલ ઓફ મેયર્સની 110 મી કારોબારી સમિતિની બેઠક સુરતમાં મળી હતી.

સુરતના ફુડને દેશભરના મેયરોએ વખાણ્યું

કયા મેયરે ગાલા ડિનર માટે શું કહ્યું

» હરિયાણાના હિસારના મેયર પ્રવિણ પોપલીએ કહ્યું હતું કે, સુરતની આ સ્વીટ ખૂબ જ સરસ હતી.

» ઋષિકેશના મેયર શંભુ પાસવાને કહ્યું કે, સુરતનું ઉંધિયું બેસ્ટ હતું.

» જામનગરના મેયર વિનોદ ખીમસુરિયાને સૂપ ભાવ્યું હતું.

» ગોરખપુરના મેયર મંગલેશ શ્રીવાસ્તવે ગાલા ડિનરમાં ચાટની મજા માણી હતી

ગાલા ડિનરના મેનુમાં શું શું હતું ?

વેલકમ ડ્રિંક્સઃ ગ્રેપ-ઓ-વાઈન, ઓરેન્જ ટવીસ્ટર
સૂપઃ ક્રીમ ઓફ બ્રોકલી, રોસ્ટેડ બેલ પેપર
સાઉથ ઈન્ડિયન વાનગીઃ સ્પંજી ઢોસા, કુરમા કરી
નોર્થ ઈન્ડિયન વાનગીઃ રતાલુ મસ્કા ટીક્કી
સ્વીટ્સઃ સ્ટ્રોબરી ચના ક્રીમ, ડ્રાયફ્રૂટ ફજ
ફરસાણઃ પોંક વડા, મેથી છોલા ઢોકળા
મુખ્ય વાનગીઃ ઉંધિયું, મિલેટ પુરી, પાલક ફ્રૂકેટ ગોટાળો, દમ પનીર કાલી મીર્ચ, દેશી ઘી સાથે ફુલકા રોટી
દાળ-ભાતઃ મટકી દાલ ચાવલ
રોસ્ટેડ પાપડ, પાસ્તા સલાડ, મિક્સ રાયતુ, કોલેજિયન દાણા
ડેઝર્ટઃ અમેરિકન ફજ સાથે વેનિલા આઈસ્ક્રીમ

ઈન્દોરના મેયરે સુરતની સ્વચ્છતાના વખાણ કર્યા

સુરતના મહેમાન બનેલા ઈન્દોરના મેયર પુષ્યમિત્ર ભાર્ગવે જણાવ્યું હતું કે મારા માટે સૌભાગ્યની વાત છે કે હું દેશના સૌથી સ્વચ્છ શહેર સુરતમાં આવ્યો છું. ઇન્દોરે પણ સુરત પાસેથી ઘણું શીખવાની જરૂર છે અને સુરત પણ ઇન્દોર પાસેથી ડિજિટલાઝેશન, સ્માર્ટ ઇનોવેશન માટે. સુરતમાં વિશેષથી પોતાના શહેરને કેવી રીતે ડેવલોપ કરવું, પ્રોગ્રેસ પર આગળ કેવી રીતે વધવું અને તેને સ્વચ્છ કેવી રીતે રાખવું તે શીખવા જેવું છે.

વડાપ્રધાને શરૂ કરેલી સોલાર યોજના અન્ય રાજ્યો માટે પ્રેરણારૂપ: કનુ દેસાઈ

શહેરી વિકાસ અને નાણાં મંત્રી કનુ દેસાઈએ ઉપસ્થિત તમામ મેયરોને પ્રોત્સાહન આપતા કહ્યું કે, સમગ્ર દેશમાં ગ્રીન એનર્જી રાજ્ય તરીકે ઝડપથી આગેકૂચ કરીને વડાપ્રધાનએ શરૂ કરાવેલી સોલાર યોજના હવે અન્ય રાજ્યો માટે પ્રેરણારૂપ થઇ છે.

આપણે ટેક્સ જ લેવાનો.. બીજું કઈ નહીં : મુખ્યમંત્રી

સુરતના આઉટર રિંગરોડ માટે સરકાર વધુ ગ્રાન્ટ ફાળવવા તૈયાર

સુરતઃ મનપાના વિવિધ પ્રોજેક્ટોના લોકાર્પણ અને ખાતમુર્હૂત પ્રસંગે મુખ્યમંત્રીએ નેતા-અધિકારીઓને આડકતરો ઈશારો આપી, પોતાની 'મૃદુ અને મક્કમ' શૈલીમાં ભ્રષ્ટાચાર પર આડકતરી મજાક કરતા કહ્યું હતું કે, 'કોર્પોરેશનને ખૂબ ખૂબ અભિનંદન... એટલો જ ટેક્સ લેવાનો કે જે કોર્પોરેશનનો હોય.. આપણે ટેક્સ જ લેવાનો, તે સિવાય બીજું કંઈ નહીં પાછું..!'

રાજ્યોમાં હાલમાં શહેરી વિકાસ વર્ષ-2025ની ઉજવણી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે સુરત મહાનગરપાલિકા અને સુડાના કુલ રૂ.249 કરોડના વિકાસકામોનું લોકાર્પણ અને રૂ.109.51 કરોડના કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીએ અર્બન રિંગ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિ. દ્વારા બનનારા અંદાજિત 242 કરોડના વિવિધ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત કર્યું હતું. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કન્વેન્શન હોલ ખાતે મુખ્યમંત્રીએ રૂપિયા 600 કરોડના વિકાસકામોની ભેટ આપી હતી.

40 શહેરના મેયરોએ ઈલેક્ટ્રીક બસમાં મનપાના ICCCની મુલાકાત લીધી

ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ઓફ મેયર્સની 116મી મીટિંગમાં શુક્રવારથી વિવિધ શહેરોના મેયરે મનપાની ઈલેક્ટ્રીક બસમાં મુસાફરી કરી મનપાના આઈસીસી સેન્ટરની મુલાકાત લીધી હતી. આવતીકાલે તમામ મેયરો મનપાના ટર્શરી ટ્રીટમેન્ટ પ્લાન્ટની સાથે સાથે સુરત શહેરની ઓળખ સમા ડાયમંડ ઈન્ડસ્ટ્રી તેમજ ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રીની પણ મુલાકાત લેશે તેમ જાણવામાં આવ્યું છે.

APMCના ઉદ્ઘાટનમાં સીઆર, હર્ષ સંઘવીની અનુપસ્થિતિથી અનેક ચર્ચા

ધારાસભ્ય સંદીપ દેસાઈનો કાર્યક્રમ હતો પણ બંનેના અન્ય કાર્યક્રમો પણ હતા

જોકે, દક્ષિણ ગુજરાતના રાજકારણમાં અનેક અટકળો શરૂ થઈ, આગામી દિવસોમાં નવાજૂનીના એંધાણ

સુરતઃ ધારાસભ્ય સંદીપ દેસાઈના ચેરમેનપદ હેઠળની સુરતની એલિવેટેડ એપીએમસીનું ઉદ્ઘાટન આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા કરવામાં આવ્યું પરંતુ આ કાર્યક્રમમાં પૂર્વ પ્રદેશ પ્રમુખ અને કેન્દ્રીય જળમંત્રી સીઆર પાટીલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની અનુપસ્થિતિએ ભારે ચર્ચાઓ જગાવી હતી. આમ તો, કેન્દ્રીય મંત્રી સીઆર પાટીલ આજે કચ્છ ખાતેના ભૂખી નદીના નવજીવનના કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. જ્યારે હર્ષ સંઘવી પણ પોતાના અન્ય કાર્યક્રમમાં વ્યસ્ત હતા. જેને કારણે તેઓ આ કાર્યક્રમમાં હાજર રહ્યા નહોતા પરંતુ રાજકીય માહોલમાં અનેક ચર્ચા અને અટકળો ચાલી હતી.

સુરતમાં એલિવિટેડ એપીએમસીના ઉદ્ઘાટનનું મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ઉદ્ઘાટનનું આયોજન કરવામાં આવ્યું હતું. એપીએમસીના ચેરમેન અને ધારાસભ્ય સંદીપ દેસાઈ દ્વારા આ ઉદ્ઘાટનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમની જાહેરાતોમાં પણ કેન્દ્રીય મંત્રી સીઆર પાટીલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના પણ ફોટાઓ મુકવામાં આવ્યા હતા.

એવું મનાતું હતું કે કેન્દ્રીય મંત્રી સીઆર પાટીલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી આ કાર્યક્રમમાં હાજર રહેશે પરંતુ આજે બંને કાર્યક્રમમાં ઉપસ્થિત નહોતા. કારણ કે બંનેના અન્ય કાર્યક્રમો ગોઠવાયા હતા. બે કાર્યક્રમમાં એકસાથે ઉપસ્થિતિ થઈ શકે નહીં પરંતુ આ ઘટનાને પગલે દક્ષિણ ગુજરાતના રાજકારણમાં અનેક અટકળો ચાલી હતી. ચર્ચાઓ પ્રમાણે આગામી દિવસોમાં નવાજૂની પણ જોવા મળે તેવી સંભાવના વ્યક્ત કરાઈ હતી.

કલાકમાં જ બેક ખાતામાં 10 લાખના રૂપિયા 428 થઈ ગયા

ટ્રાન્સપોર્ટરની રકમ બારોબાર ટ્રાન્સફર કરનારને સાયબર પોલીસે ઝડપી પાડ્યો

સુરતઃ પુણા કુંભારિયાના ટ્રાન્સપોર્ટ વેપારીની જાણ બહાર સાયબર ગેંગે બેંક એક્સેસ મેળવી લઈ એક કલાકમાં ટુકડે ટુકડે 10 લાખ ઉપાડી લેતાં મામલે સાયબર ક્રાઈમ સેલે ઉધનાના પ્રભુ નગરમાં રહેતા ભેજાબાજને ઝડપી પાડ્યો છે.

પુણા કુંભારિયા નેચરલ વેલી સોસાયટીમાં રહેતા ટ્રાન્સ્પોર્ટર શિશરામ શેરસિંઘ ચૌધરીને તેમના બેંક ખાતામાં અપર્યાપ્ત બેલેન્સનો મેસેજ આવ્યો હતો. તેમણે તપાસ કરતાં ખબર પડી કે 1 નવેમ્બર સુધી તેમના ખાતામાં રૂ.10.73 લાખથી વધુની રકમ હતી, પરંતુ હવે માત્ર રૂ.428 જ જમા છે. બેંક સ્ટેટમેન્ટ તપાસતાં માલૂમ પડ્યું કે, 2 નવેમ્બરે સવારે 11થી 12 વાગ્યાના અરસામાં તેમની જાણ બહાર 10 ટ્રાન્ઝેક્શનમાં 10.65 લાખ અજાણ્યા બેંક ખાતાઓમાં જમા થયા છે.

હરાજીમાં મિલકત ખરીદનારને ગ્રાહક માની શકાય નહીં: ગ્રાહક કોર્ટ

સરફેસી એક્ટ અન્વયે કરાયેલી મિલકતની જાહેર હરાજીની કાર્યવાહી સંબંધિત કોઈ વિવાદ ગ્રાહક કમિશન સમક્ષ મેન્ટેનેબલ નહીં હોવાનો કોર્ટનો ખુલાસો

સુરતઃ જાહેર હરાજીમાં મિલકત ખરીદનારને ગ્રાહક તરીકે ગણી શકાય નહીં અને સિવિલ કોર્ટ કે કન્ઝ્યુમર કોર્ટને તે સંબંધના કેસો ચલાવવાની સત્તા હોતી નથી, તેવું ઠરાવી ફરિયાદ રદ કરવાનો હુકમ કર્યો છે.

ફરિયાદી ભરતકુમાર પાલીવાલાએ બેંક ઓફ બરોડા વિરૂધ્ધ સુરત જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ (એડીશનલ) સમક્ષ કરેલી ફરિયાદની વિગતો એવી હતી કે, તેમણે પ્લોટ નં. એ/૧૫૨ અને એ/૧૫૩, રેશ્મા રો-હાઉસ વિભાગ-બી, મગોબ, સુરતવાળી મિલકત ખરીદવા બેન્કને ચેકથી રૂા. ૨,૯૨,૦૦૦ ચૂકવ્યા હતા. ત્યારબાદ ૩/૮/૨૦૧૭ના રોજ હરાજી થઈ હતી. જેમાં મકાનના રૂા. ૪૦,૪૯,૦૦૦ રકમની બીડ (બોલી) ફરિયાદીએ લગાવી હતી. જોકે, મકાન સીઓપીમાં આવતું હતું અને એસએમસી મુજબ લીગલ ન હોવાથી ફરિયાદીએ તુરત બેન્ક પાસેથી પૈસા રીફંડની અરજી કરી હતી.

બેન્કે એ જ મકાન અંગેની ફરીથી હરાજીની નોટિસ આપી હતી. જેથી ફરિયાદીએ નારાજ થઈને સુરત જિલ્લા ગ્રાહક કમિશન સમક્ષ ફરિયાદ કરી હતી. બેંક ઓફ બરોડા તરફે એડવોકેટ શ્રેયસ દેસાઈએ ગ્રાહક અદાલત સમક્ષ ઉપસ્થિત થઈ દલીલ કરતા જણાવ્યું હતું કે બેંકે સર્ફેસી એક્ટ-૨૦૦૨ અન્વયે કબજે લીધેલી મિલકતોની જાહેર હરાજીથી કરવામાં આવેલ વેચાણ સબંધીત છે. પબ્લિક હરાજીમાં ભાગ લેનાર વ્યક્તિ ગ્રાહક સુરક્ષા ધારામાં આપેલી વ્યાખ્યા અનુસારના ગ્રાહક નથી. જેથી ફરિયાદ પ્રથમ દર્શને રદ થવાને પાત્ર છે. સુરત જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશન (એડીશનલ)ના ઈન્ચાર્જ પ્રમુખ ન્યાયાધીશ કે. જે. દસોંદી અને સભ્ય શ્રીમતી પૂર્વીબેન જોષીએ એડવોકેટ શ્રેયસ દેસાઈની દલીલો મહદઅંશે ગ્રાહ્ય રાખી ફરિયાદીની ફરિયાદ રદ કરવાનો હુકમ કર્યો હતો.

અનુભવ હોસ્પિટલના તબીબ સાથે ફ્લેટના બહાને 2.50 કરોડની ઠગાઈ

લોન છુપાવી સોસાયટીના સભ્યો સાથે મળી માલિકે પૈસા ખંખેરી લીધા

સુરતઃ કતારગામ સાંત્વન હાઈટ્સ સોસાયટીમાં ફ્લેટ ખરીદીનું અનુભવ હોસ્પિટલના ડોક્ટરને ભારે પડ્યું હતું.

કતારગામ સાંત્વન હાઈટ્સમાં રહેતા 34 વર્ષીય ડો. રાહુલભાઈ કળથીયા જેઓ કતારગામમાં અનુભવ હોસ્પિટલ ચલાવે છે, તેમણે ફરિયાદમાં જણાવ્યું કે 2024માં તેમના મિત્ર જીતુભાઈ બુટાણીએ તેમને સાંત્વન હાઈટ્સમાં ફ્લેટ નં. 1103 અને 1104 વેચવાની વાત કરી હતી. ફ્લેટ પસંદ આવતા સોદો નક્કી કરવા માટે ગયા તો સોસાયટીના કમિટી સભ્યો રાજેશભાઈ માંદલીયા (પ્રમુખ), મથુરભાઈ જીવાણી, લાભુભાઈ લાઠીયા, અરજણભાઈ ભીંગરાડીયા અને નીરવ પટેલે તેમને વિશ્વાસ અપાવ્યો કે પ્રોપર્ટી પર કોઈ બોજો નથી અને તેઓ વેચાણની તમામ જવાબદારી લેશે. સોદો નક્કી કરી 10 લાખ ટોકન પેટે ચૂકવી આપ્યા હતા. જે બાદ રોકડેથી બાકી પેમેન્ટ ચૂકવી આપી 14 ઓગસ્ટ 2024ના રોજ મૂળ માલિકો જીતેન્દ્રભાઈ ઘોડાદરા, રેખાબેન, રાહુલ અને તૃષ્ણા ઘોડાદરા પાસેથી વેચાણ કરાર કરાવી લીધો હતો. સમય પસાર થતાં ડોક્ટરે તપાસ કરતા ખબર પડી કે ફ્લેટ પર ICICI બેંકની 1.55 કરોડની હોમ લોન ચાલુ છે. જેથી ડોકટરે સોસાયટી સભ્યોનો સંપર્ક કર્યો તો તેમણે બાહેંધરી કરાર કરી આપ્યો હતો. જેમાં 31 માર્ચ 2025 સુધીમાં લોન ક્લિયર કરવાનું હતું. તેમ છતાં આરોપીઓએ કશું કર્યું નહીં. છેલ્લે બેંકે ફ્લેટ પર નોટિસ ચોંટાડી દીધી. જે અંગે ડો. કળથીયાએ સિંગણપોર પોલીસમાં ફરિયાદ આપતા જીતુ ઘોડાદરા, તેના પુત્ર રાહુલ, નીરવ પટેલની ધરપકડ કરી છે.

આ 9 લોકો વિરુદ્ધ ફરિયાદ

(૧) જીતેન્દ્રભાઇ ભીમજીભાઇ ઘોડાદરા (રહે., ૩૮/૩૯ શાંતિનગર સોસાયટી, હરીકૃષ્ણ સોસાયટીની સામે કતારગામ) (૨) રેખાબેન જીતુભાઇ ઘોડાદરા (૩) રાહુલ જીતુભાઈ ઘડોદરા (૪) તૃષ્ણા રાહુલ ઘોડાદરા (૫) રાજેશભાઈ બાલુભાઈ માંદલીયા (રહે., ૮૦૩, સાંત્વન હાઈટ્સ, સ્વર્ગ રેસિડેન્સીની બાજુમાં, કતારગામ) (૬) મથુરભાઈ ગગજીભાઈ જીવાણી (રહે., ૧૦૦૧, ૧૦૦૨ સાંત્વન હાઈટ્સ) (૬) લાભુભાઈ છગનભાઈ લાઠીયા (રહે., સાંત્વન હાઈટ્સ) (૮) અરજણભાઈ પરસોત્તમભાઈ ભીંગરાડીયા (રહે., ૩૦૧ સાંત્વન હાઈટ્સ) (૯) નિરવ એન પટેલ (રહે., સાત્વન હાઈટ્સ)

સુરત મનપાના વોટ્સએપ ચેટબોર્ડનું લોન્ચિંગ કરાયું

સુરત : નાગરિકોને વિવિધ સેવાઓ સરળ, ઝડપી અને પારદર્શક રીતે ઉપલબ્ધ કરાવવા સુરત મહાનગરપાલિકા દ્વારા SMC વોટ્સએપ ચેટબોર્ડ થકી ઓનલાઈન પેમેન્ટ સુવિધાનું મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે લોન્ચિંગ કરાયું હતું. આ ડિજિટલ સુવિધા દ્વારા હવે શહેરના નાગરિકો વોટ્સએપના માધ્યમથી ઘર બેઠા મહાનગરપાલિકાની વિવિધ માહિતી, સેવાઓ અને ફરિયાદ સંબંધિત વિગતો સરળતાથી મેળવી શકશે. વોટ્સએપ એપ્લિકેશન મારફતે ઓનલાઈન પેમેન્ટ સુવિધા મળતા નાગરિકો હવે વોટ્સએપ પર જ પોતાના ટેક્સ બિલની ઓનલાઈન ટેક્સ ચુકવણી કરી શકશે. SMC WhatsApp Chatbot થી બિલ અંગેના નોટિફિકેશન મળતાની સાથે સાથે જ પેમેન્ટની સુવિધા ઉપલબ્ધ થતા નાગરિકોને ઈલેક્ટ્રોનિક્સ પેમેન્ટ કરવા માટેની વધુ એક સુવિધા ઉબલબ્ધ થઈ છે.

લોકઅદાલતમાં ઈ-ચલણનાં સમાધાનના ફેક ન્યુઝથી વાહનચાલકો ઉમટયા

દંડની રકમમાં સમાધાન ન થતાં વાહનચાલકે આક્રોશ ઠાલવ્યો

સુરતઃ આજે લોક અદાલતની સાથે ટ્રાફિક નિયમનના ભંગ બદલ ઈ-ચલણ મેમો ધરાવતા ઘણા વાહનચાલકો સમાધાનની અપેક્ષાએ કોર્ટમાં આવ્યા હતા. પરંતુ ઈ-ચલણની રકમમાં કોઈ જ સમાધાન ન થતાં વાહનચાલકો નિરાશ થયા હતા.

એમ કહેવાય છે કે ઈ-ચલણની દંડની રકમમાં માફી થવાના સોશિયલ મીડિયા ઉપર વહેતા થયેલા ફેક વિડીયોને પગલે ઘણા વાહન ચાલકોએ સમાધાનની અપેક્ષાએ કોર્ટ સંકુલમાં આવ્યા હતા. દંડની રકમમાં કોઈ સમાધાન થતું ન હોવાની વાતથી વાહનચાલકોમાં આક્રોશ વ્યાપી ગયો હતો અને કોર્ટ સંકુલના લીગલ ઓથોરિટી રૂમ નંબર 723 માં પણ ઘસી જઈ આ અંગે રજૂઆત કરી હતી. આ ઈ-ચલણના મુદ્દે કોઈ દંડની રકમમાં સમાધાન થતું ન હોવાનું ઓથોરિટી વિભાગ દ્વારા સમજાવવાની સાથે આ ફેક વિડીયો હોવાનું જણાવ્યું હતું.

અત્રે નોંધનીય છે કે લોક અદાલતની સાથે કાનૂની કાર્યવાહીથી બચવા ટ્રાફિક નિયમનના ભંગ અંગે ઈ ચલણ મેમો ધરાવતા વાહનચાલકોને એક તક આપવામાં આવી હતી.જેના માટે જ કોર્ટ સંકુલના પાર્કિંગમાં ટ્રાફિક પોલીસોના ટેબલો લાગ્યા હતા.જ્યાં વાહન ચાલકો પોતાની ઈ ચલણની રકમ સહેલાઈથી ભરી શકે. જેથી ખૂબ જ મોટી સંખ્યામાં વાહન ચાલકો ઈ ચલણનો દંડ ભરવા આવ્યા હતા.

કતારગામના બળાત્કારમાં આરોપીને શંકાનો લાભ

સંતાનોને મારી નાખવાની ધમકી આપી આરોપી બળાત્કાર ગુજાર્યો હોવાનો આક્ષેપ હતો

તહોમતદાર તરફે વકીલ એમ.એ.શેખ અને યાહ્યા શેખે દલીલો કરી હતી

સુરતઃ ૨૦૧૯માં કતારગામ પોલીસ સ્ટેશનને નોંધાયેલા બળાત્કારના કેસમાં ફરિયાદ પક્ષ આરોપ પુરવાર કરવામાં નિષ્ફળ જતાં કોર્ટે આરોપીને શંકાનો લાભ આપી નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો હોવાનું જાણવા મળ્યું છે

ફરીયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, તા.૦૮.૦૧.૨૦૧૯ ના રોજથી પંદરેક દિવસ પહેલા આરોપી પરેશભાઈ નાનજીભાઈ ચૌહાણએ ભોગબનનારને અવારનવાર મેસેજો તથા ફોન કરી, ભોગબનનારના છોકરાઓને મારી નાખવાની ધમકી આપી બરોડા પ્રિસ્ટેજ ખાતે બોલાવી હતી. અને કડોદરા હાઈવે ઉપર મોર્ડન ગેસ્ટ હાઉસના રૂમમાં લઈ જઈ પીડિતાની ઈચ્છા અને મરજી વિરુદ્ધ બળાત્કાર ગુજાર્યો હતો. જે અંગે કતારગામ પોલીસ સ્ટેશનમાં ભોગ બનનારે આરોપી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. તપાસના અંતે પોલીસે કોર્ટમા ચાર્જશીટ રજૂ કરી હતી.

છઠ્ઠા અધિક સત્ર ન્યાયાધિશની ફાસ્ટ ટ્રેક સ્પેશિયલ કોર્ટમા ઈન્સાફી કાર્યવાહી ચાલી હતી. બચાવપક્ષે વકીલ એમ.એ. શેખ અને યાહયા શેખે દલીલો કરી હતી. બંન્ને પક્ષની દલીલો સાંભળ્યા બાદ આ કામના તહોમતદાર પરેશભાઈ નાનજીભાઈ ચૌહાણનાઓને ભારતીય દંડ સંહિતાની કલમ-૩૭૬, ૫૦૬ (૨), ૫૦૭ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી પુરાવાના અભાવે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કોર્ટે કર્યો હતો.

ભાટપોરમાં કોબ્રાના ડંખથી બે વર્ષના બાળકનું મોત

મજૂરી કરીને આવ્યા બાદ માતા પિતા જમવાનું બનાવતા હતા અને બાળક બહાર મિત્રો સાથે રમતો હતો

સુરતઃ ભાટપોર ગામમાં કોબ્રા સાપએ ડંખ મારતા બે વર્ષના બાળકનું ગણતરીના કલાકોમાં જ મોત નીપજ્યું હતું. મૂળ છોટા ઉદેપુરના વતની દિનેશભાઈ નાદલા રાઠવા હાલ ઈચ્છાપોરના ભાટપોરગામમાં આવેલા પોસ્ટ ઓફિસ ફળિયામાં પત્ની અને બે વર્ષના શુભદર્શન નામના પુત્ર સાથે રહે છે. શુક્રવારે સાંજે 7 વાગ્યાના અરસામાં દિનેશભાઈ પરિવાર સાથે મજૂરી કરીને ઘરે આવ્યા બાદ જમવાનું બનાવવાની તૈયારી કરી રહ્યા હતા અને તેનો પુત્ર શુભદર્શન ઘરની બહાર રમી રહ્યો હતો. ત્યારે દિવાલમાં છુપાઈને બેસેલો કોબ્રા સાપ બહાર આવીને શુભદર્શનના જમણા પગ પર ડંખ માર્યો હતો. સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં લઈ જતાં મૃત જાહેર કરાયો હતો. ગામના લોકોએ કોબ્રા સાપનું રેસ્ક્યુ કર્યું હતું.

કોબ્રા સાપમાં ન્યુરોટોક્સિક નામનું ઝેર હોય છે

આ અંગે માહિતી આપતા સ્નેક રેસ્ક્યુર ચિરાગ પ્રકાશભાઈ સાળીએ જણાવ્યું હતું કે, ઇન્ડિયન કોબ્રા અને કોમન ક્રેટ આ બે સાપમાં ન્યુરોટોક્સિક નામનું ઝેર હોય છે. જેથી આ સાપ જ્યારે ડંખ મારે ત્યારે આની અસર સીધી મગજના તંત્રો પર થાય છે અને શરીર કામ કરવાનું બંધ કરી દે છે, જેથી માણસને એક બાજુનો લખવો પણ મારી શકે છે.

સુરત સતત ત્રીજી વખત રાજ્યમાં પ્રથમ રહ્યું

લોક અદાલતમાં રેકોર્ડબ્રેક 1,26,723 કેસનું સમાધાન

સુરતઃ સુરત જિલ્લાની લોક અદાલતમાં રેકર્ડ બ્રેક કેસોનો નિકાલ કરવામાં આવ્યો છે. સૌથી વધુ કેસોનું સમાધાન કરાવવામાં સમગ્ર ગુજરાતમાં સુરતનો પ્રથમ ક્રમ આવ્યો છે.લોક અદાલતના દિવસે કુલ 129172 કેસ રજૂ થયા હતા, જે પૈકી કુલ 126723 કેસનો નિકાલ થયો હતો, 358.86 કરોડની રકમનું સેટલમેન્ટ થયું હતું. તેમજ લોક અદાલતમાં નેગોશિયેબલ ઈન્સ્ટ્રૂમેન્ટ એક્ટની કલમ ૧૩૮ અન્વયે કુલ-3640 કેસનો સમાધાનથી નિકાલ કરવામાં આવ્યો અને તેમાં 119,91,30,480ની રકમનું સેટલમેન્ટ કરવામાં આવ્યું હતું. સતત ત્રીજી વખત સુરત જિલ્લો કેસોના નિકાલમાં સમગ્ર ગુજરાતમાં પ્રથમ ક્રમે રહ્યો છે. આ સફળતા જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, સુરતના ચેરમેન આર. એ. ત્રિવેદીના સીધા માર્ગદર્શન અને પ્રયત્નોના કારણે મળી હતી.

આજની લોક અદાલતની ઉપલબ્ધિ

(૧) લોક અદાલતના દિવસે - 3,07,348 કેસનો નિકાલ
(૨) લોક અદાલત નિમિતે એક સિવિલ દરખાસ્ત કેસમાં 1,12,16,885/- ની રકમનું સુખદ સમાધાન
(૩) MACPના એક કેસમાં રૂ.75,00,000/- માં સમાધાન, લોક અદાલતમાં 20 મોટી રકમના એમ.એ.સી.પી. કેસ સહિત ૨૧૩ કેસમાં કુલ ૨૨૩૪ લાખ ઉપરાંતનું વળતર ચુકવવામાં આવ્યું
(૪) આ લોક અદાલતમાં ૧૦ વર્ષ કે તેથી વધુ જુના સિવિલ કેસો અને ફોજદારી કેસો મળી કુલ 179નો નિકાલ કરાયો
(૫) લોક અદાલતમાં કુલ 99 ટાર્ગેટ કેસોનો પણ નિકાલ

શ્રી સત્સંગ સેવા સમિતિ દ્વારા આજથી સાપ્તાહિક ધાર્મિક મહોત્સવ

સુરતઃ ડાયમંડ નગરી સુરતમાં આવનાર 14 ડિસેમ્બરથી 20 ડિસેમ્બર 2025 સુધી એક વિશાળ ધાર્મિક અને સાંસ્કૃતિક મહોત્સવનું આયોજન થવાનું છે. અખિલ ભારતીય રામસ્નેહી સંપ્રદાયાચાર્ય પીઠ, રામધામ ખેડાપાના વર્તમાન આચાર્ય પુરુષોત્તમદાસજી મહારાજના સાંનિધ્યમાં આ આયોજન શહેરમાં શ્રદ્ધા, ભક્તિ અને આધ્યાત્મિકતાનો અનોખો સંગમ રજૂ કરશે. મહોત્સવ અંતર્ગત દરરોજ બપોરે 1:15 વાગ્યાથી સાંજે 5 વાગ્યા સુધી શ્રી ભક્તમાલ કથાનું વાચન કરવામાં આવશે. કથાવાચન સંત ગોવિંદરામજી શાસ્ત્રી, ઉત્તરાધિકારી રામધામ ખેડાપા તથા પ્રદેશ અધ્યક્ષ, રાજસ્થાન ગૌ સેવા સમિતિ દ્વારા કરવામાં આવશે. આયોજનમાં 17 થી 19 ડિસેમ્બર દરમિયાન દરરોજ સાંજે 8 વાગ્યાથી રાત્રે 11 વાગ્યા સુધી નાની બાઈનો માયરો પણ યોજાશે, જેમાં માયરા વાચક તરીકે સંત કેશવદાસજી મહારાજ હાજર રહેશે. શુભ આરંભ તુલસી શોભાયાત્રાથી થશે, જે 14 ડિસેમ્બરની સવારે 9 વાગ્યે શ્રી ડુંભાલ બાલાજી મંદિરથી પ્રારંભ થઈ કથા સ્થળ સીરવી સમાજ ભવન, આઈ માતા ચોક, પર્વત પાટિયા, સુરત ખાતે પહોંચશે. 16 ડિસેમ્બરના રોજ રાત્રે 8 વાગ્યાથી સુંદરકાંડ પાઠનું આયોજન પણ કરવામાં આવશે.